# અમૃતસરમાંથી મારી ઉમેદવારી

- અરુણ જેટલી

(વિપક્ષી નેતા, રાજ્ય સભા)

અમૃતસર સંસદીય લોકસભા મતવિસ્તારમાંથી ચૂંટણી લડવા માટેના ઉમેદવાર તરીકે મને જાહેર કરવા બદલ હું ભાજપનો અત્યંત આભારી છું.

હું વર્ષ 1970માં ખૂબ જ નાની ઉંમરે રાજકીય કાર્યકર બન્યો હતો. તે વખતે હું અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ સાથે સંકળાયેલો હતો. મેં મારી કોલેજમાં અને પછી દિલ્હી યુનિવર્સિટીમાં સફળતાપૂર્વક ચૂંટણી લડી. ભ્રષ્ટાચાર અને કટોકટીની જાહેરાત સામે જેપી આંદોલન મારા જીવનની યાદગાર ક્ષણો હતી. મેં કટોકટી સામે સત્યાગ્રહ કર્યો હતો અને મારે અટકાયત હેઠળ ઓગણીસ મહિના જેલમાં ગાળવા પડ્યા હતા. તે સમયગાળા દરમિયાન જે કંઈ બન્યું તેનાથી મારી વિચારધારા મજબૂત થઈ.

વર્ષ 1980માં ભાજપની રચના થઈ તેના પહેલા દિવસથી જ હું ભાજપનો સભ્ય બન્યો. મારા સંબંધો અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદમાંથી ભાજપ તરફ વિકસ્યા . મને પૂર્ણ સમય રાજકીય કાર્યકર બની રહેવાની ઈચ્છા હતી. વર્ષ 1977માં મેં વકીલાત તરીકે પ્રેક્ટિસ શરૂ કરી હતી અને વર્ષ 1990થી મને સિનિયર એડવોકેટ તરીકે નિયુક્ત કરવામાં આવ્યો. મારી વ્યાવસાયિક કામગીરી વિકસતી ગઈ તેમ તેમ હું ભાજપમાં પણ વધુને વધુ સક્રિય બન્યો. હું પક્ષમાં કાર્યકર અને વકીલ બની રહીશ એવું માનતો હતો, પરંતુ હું પૂર્ણ સમયનો રાજકારણી બનીશ એવી કલ્પના પણ ન હતી. વર્ષ 1980થી હું ભાજપના રાજકીય અભિયાનની મેનેજમેન્ટ ટીમમાં પણ સામેલ હતો. હું તેમાં રાષ્ટ્રીય કારોબારીનો સભ્ય અને રાષ્ટ્રીય પ્રવક્તા હતો. વર્ષ 1999માં મને પ્રધાન તરીકે એનડીએ સરકારમાં જોડાવા માટે મારા નેતાઓ શ્રી અટલ બિહારી વાજપેયી અને શ્રી લાલકૃષ્ણ અડવાણીજી દ્વારા વિનંતી કરવામાં આવી. હું તે સમયે સાંસદ પણ ન હતો. હું સરકારમાં જોડાયો અને નિયમ મુજબ છ મહિનાની અંદર ગુજરાતની બેઠક પરથી રાજ્યસભાનો સભ્ય બન્યો. ત્યારથી હું સંસદમાં છું. એક પ્રધાન તરીકે, પક્ષના મહામંત્રીપદે અથવા રાજ્યસભામાં વિરોધ પક્ષના નેતા તરીકે

મેં હંમેશા પક્ષની ઝુંબેશમાં મદદ કરી છે. મને ચૂંટણી આયોજનની કામગીરી આપવામાં આવતી રહી છે પણ મને ક્યારેય લોકસભાની ચૂંટણી લડવાની તક મળી નથી .

પક્ષે આ વખતે મને અમૃતસરની ટિકીટ ફાળવી છે. મને અમૃતસર શહેર પ્રત્યે અનહદ પ્રેમ છે અને તે શહેરમાંથી જ મને ઉમેદવાર બનાવવામાં આવ્યો છે. અમૃતસર ભારતના યાત્રાધામોમાં સૌથી મહત્વપૂર્ણ કેન્દ્ર છે. તે શહેર પોતાની આગવી સાંસ્કૃતિક ધરાવતું શહેર છે. તે ઉત્તર ભારતમાં વ્યાપારી પ્રવૃત્તિઓનું કેન્દ્ર છે. બાળપણથી અમૃતસરમાં મારી અવરજવર રહી છે કારણ કે તે શહેરનો મારી સાથે વ્યક્તિગત સંબંધ છે . મારી માતા અમૃતસરના છે. તેમનો જન્મ અને ઉછેર અમૃતસરમાં થયો હતો. મારી બહેનનો જન્મ પણ ત્યાં જ થયો હતો. મારી પત્ની મૂળ જમ્મુ અને કાશ્મીરની છે પણ તેનો જન્મ અમૃતસરમાં થયો હતો કારણ કે તે શહેરમાં વધુ સારી તબીબી સુવિધાઓ હતી. અમૃતસર મારૂં મોસાળ હોવાથી બાળપણથી તે શહેરમાં મારી અવરજવર રહી છે. હું તમામ મહત્વપૂર્ણ રાજકીય કાર્યક્રમો માટે અમૃતસર નિયમિતપણે ભાગ લેતો રહ્યો છું. ખાણીપીણીની ઉત્કૃષ્ટ સુવિધાઓને કારણે તે શહેર સાથે મારો ઘનિષ્ઠ નાતો રહ્યો છે. અમૃતસરમાં તમારે મનપસંદ વાનગીઓની મોજ માણવાનો વિચાર સૌથી આનંદદાયક છે. અમૃતસરમાં રહેતા મારા મિત્રો, પક્ષના સભ્યો અને મારા સગાસંબંધીઓ તરફથી શુભેચ્છાઓનો વરસાદ વરસી રહ્યો છે. હું તે શહેરમાં એક લાંબા સમયગાળા માટે રહેવાનો વિચાર કરી રહ્યો છું.

મને ચૂંટણી લડવા માનસિક રીતે તૈયાર કરવા અને મદદ કરવા માટે મારા મિત્ર નવજોત સિંઘ સિદ્ધુનો આભાર મારે વ્યક્ત કરવો જ જોઈએ. નવજોત અને મારા સંબંધ રાજકીય કરતાં વ્યક્તિગત ઘણા વધુ છે. હું તેના જેવા બીજા કોઈ મિત્ર હોય એવી કલ્પના પણ કરી ન શકું. છેલ્લા થોડા દિવસોથી તેમણે મને ચૂંટણી લડવા માટે અમૃતસર પસંદ કરવા મને મનાવવાનું શરૂ કર્યું હતું. હું અમૃતસર અથવા કુરુક્ષેત્ર કે પશ્ચિમ દિલ્હી સહિત અન્ય કોઇ મતવિસ્તારમાંથી લડવા માટે વિચારતો હતો. પક્ષના પ્રમુખે તે વિચારને સાકાર કર્યો. તેમણે તે સ્પષ્ટ કર્યું કે પોતે કોઈપણ વ્યક્તિગત કે રાજકીય લાભ મેળવવા આવો આગ્રહ કરતો નથી. તેમના પ્રત્યે મને આદર અને ગૌરવ છે કે તે રાજકારણમાં મારા માટે એક બોધપાઠ પૂરો પાડનાર બન્યો છે. સિદ્ધુ ક્રિકેટ માં તેઓ એક સારા બેટ્સમેન હતા. આ વખતે તેમણે મને બોલ્ડ કરી દીધો છે .

✲✲✲✲✲